જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૩૫/૨૦૨૬**

મેઘાણીનગરઃ સુરેશભાઇ મફતલાલભાઈ પટેલ (ઉ.વ.૫૨)(રહે.પર્ણકુંજ સોસાયટી વિભાગ–૨, મેઘાણીનગર) એ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ સાંજના ૬/૨૫ વાગ્યાના સુમારે સુરેશભાઇના મોબાઇલ ફોન ઉપર મોબાઇલ નંબર ૮૨૨૭૮૫૫૧૭૫ ના ધારકે ફોન કરી જણાવેલ કે “તમે સુરેશભાઇ બોલો છો”, “હુ મારા વેપારીના વીસ હજાર તમારા બેંક ખાતામાં નખાવું છું તે તમારા ખાતામાં આવેલ પૈસા તમે મને રોકડા આપજો” તેમ કહ્યા બાદ તા.૨૦/૦૯/૨૦૨૬ બપોરના કલાક ૧૨/૧૫ વાગે સુરેશભાઇના મોબાઇલ ઉપર બીજા અજાણ્યા મોબાઇલ નંબર ૯૫૭૬૧૦૮૭૫૫ ઉપરથી રૂપિયા ૬૫,૫૦૦/– રકમ ક્રેડીટ થયાનો મેસેજ આવેલ ત્યારબાદ સુરેશભાઇએ વોટસએપ ચેક કરતા નંબર ૮૨૨૭૮૫૫૧૭૫ ઉપરથી રૂપિયા ૬૫,૫૦૦/– રકમ ટ્રાન્સફર કર્યાનો સ્ક્રીન શોર્ટ આવેલ અને મોબાઇલ નંબર ૮૨૨૭૮૫૫૧૭૫ ઉપરથી ફોન આવતા તેઓએ કહેલ કે, “તેઓના વેપારીએ અમારા ખાતામાં તેઓના પૂરે–પુરા રૂપિયા ૬૫,૫૦૦/– રકમ નાખી દિધેલ છે” જેથી સુરેશભાઇએ ચેક કરતા જણાયેલ કે, તેમના બેંક ખાતામાં કોઇ રૂપિયા આવેલ ન હોય આવેથી અમો તમને જાણ કરશુ તેમ કહી સુરેશભાઇએ ફોન મુકી દિધેલ. ત્યારબાદ ફરીથી કોલ કરી અજાણ્યા ઇસમે જણાવેલ કે, “તમારા ખાતામાં પૈસા માર્કેટવાળા એકાઉન્ટમાંથી આવેલ હોય અમારામાંથી કપાઈ ગયેલ છે પરંતુ ત્યારે અમોએ કહેલ કે, અમારામાં આવેલ નથી ત્યારે તેણે કહેલ કે “આપ ફોને પે વાપરો છો ? તો તે ખોલીને જુઓ પૈસા આવી ગયેલ છે હુ આપને બતાવુ તેમ કરો પૈસા તમારા ખાતામાં બતાવી દેશે” જેથી સુરેશભાઇ તેમની વાતોમાં આવી ચાલુ ફોન દરમ્યાન તેમનુ ફોન–પે ખોલેલ અને અજાણ્યા ઇસમે બતાવ્યા મુજબ પોતાના મોબાઇલની ફોન–પે એપ્લીકેશનમાં પ્રોસેસ કરતા સુરેશભાઇ પટેલના ખાતામાંથી રૂપિયા ૬૫,૫૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

રામોલઃ વિક્રમસિંહ કાંતીલાલ બારીયા (ઉ.વ.૪૩)(રહે.દેવ સમૃધ્ધ ફ્લેટ, આલોક–૦૪ પાછળ, એસ.પી.રીંગ રોડ વસ્ત્રાલ) એ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ વિક્રમસિંહ બારીયાના વોટસઅપ ઉપર અદાણી ગેસ APK નામની ફાઇલ મોકલી, વિક્રમસિંહનો મોબાઇલ નંબર હેક કરી તેમના કોલ ફોરવર્ડ કરી, વિક્રમસિંહના એકસીસ બેંકના ક્રેડિટ કાર્ડ માંથી કુલ રૂપિયા ૩,૪૮,૧૦૭/– નું ટ્રાન્જેકશન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.આર.ચૌધરી ચલાવે છે.

દરીયાપુરઃ દરીયાપુર વિસ્તારમાં રહેતી યુવતીએ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન યુવતી પોતાના મોબાઇલ ફોનમાં ઇન્સ્ટાગ્રામ રીલ જોઇ હેરરીમુવર મશીન મંગાવતા જે ઓર્ડરની જગ્યાએ બેટરી આવેલ હતી. જે ઓર્ડર પરત કરવા સારૂ એક સાઇટ "Shopify Customercom" લોગ ઇન કરેલ જેમાં અલગ–અલગ ટોલ ફ્રી નંબર તેમજ વોટસઅપ ઉપરથી અજાણી વ્યક્તિએ વિડીયો કોલ કરી યુવતીને "Customer in APK" અપ્લીકેશન ઇન્સ્ટોલ કરાવી, યુવતીના અલગ–અલગ બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૮૧,૦૦૦/– ઉપાડી લઇ યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એમ.ચૌધરી ચલાવે છે.

ખાડીયાઃ મૌલીકભાઇ હસમુખભાઇ સોની (ઉ.વ.૪૨)(રહે.પ્રભુ મહાવીર સોસાયટી પારૂલ ફ્લેટ પાસે સેટેલાઇટ રોડ આંબાવાડી) એ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૬ થી તા.૨૭/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન માણેકચોક, એમ.જી.હવેલી રોડ દેવડીની પોળમા આવેલ " જય રણછોડ એન્ડ કુ. આંગડીયા પેઢી તથા " જય રણછોડ એન્ડ કુ. આંગડીયા પેઢી બરોડા ના માલીકોએ મૌલીકભાઇ સોની તથા અન્ય બે સાહેદ એ મોકલેલ સોનાના તૈયાર દાગીનાના કુલ ૬ પાર્સલ કુલ કિમત રૂપિયા ૧૨,૦૨,૩૭૪/– આજદિન સુધી વેપારીઓ સુધી નહી પહોચાડી, મૌલીકભાઇ સોની તેમજ સાહેદને પાર્સલ પરત નહી કરી પોતાની ઓફીસ બંધ કરી નાસી જઇ તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ **સમાચાર ચાદી નં.૧૩૩૬/૨૦૨૬**

નરોડાઃ અક્ષય નીજેશભાઇ પટેલ (રહે.પાયલનગર સોસાયટી મહારથી ફ્લેટ પાસે ખોડીયાર મંદિરની બાજુમાં નરોડા) એ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ રાતના ૮/૦૦ થી તા.૨૦/૦૯/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા દહેગામ રોડ ખાતે આવેલ અમરનાથ એસ્ટેટમાં "નીજાનંદ એન્જીનીયરીંગ" નામના કારખાનાની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, ઓફિસના લોકરમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/–, સ્ટીલની પ્લેટો નંગ–૦૪ કિમત રૂપિયા ૨૨,૬૨૮/– અને ટુલ મશીન કિમત રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૭,૬૨૮/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

બાપુનગરઃ રિજવાનખાન મુનવ્વરખાન પઠાણ (ઉ.વ.૪૬)(રહે.સુંદરમનગર, ગુજરાત બોટલીંગ પાસે, બાપુનગર) એ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૬ થી તા.૧૩/૦૯/૨૦૨૬ દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, પેટી પલંગમાં મુકેલ સોનાના દાગીના કિમત રૂપિયા ૪૬,૪૪,૨૮૭/– અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ **સમાચાર ચાદી નં.૧૩૩૭/૨૦૨૬**

સરખેજઃ એસ.પી.રીંગ રોડ, ગોપાલ ફાર્મ ખેતલાઆપા ટી સ્ટોલની બાજુમા નવરાત્રીના આયોજન માટે બનતા ડોમ ખાતે મજુરીકામ કરતા અફસાન સ/ઓ ઈકબાલભાઇ અલ્વી (ઉ.વ.૨૦) (મુળ વતન–નુરીયો સરાય અંગુરવાળી મસ્જીદ પાસે જી–સંભલ ઉત્તરપ્રદેશ) તા.૨૧/૦૯/૨૦૨૬ બપોરના ૪/૨૫ વાગ્યાના સુમારે નવરાત્રીના ડોમ ખાતે મજુરીકામ કરતી વખતે આકસ્મીક રીતે તેઓનો પગ ઈલેક્ટ્રીક વાયરને અડી જતા વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા સાંજના ૫/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી